


# ખેલંદો

એચ. એન. ગોલીબાર

પ્રકરણ-૧૪

## ‘એય... આ શું કરી રહ્યા છો?’ સવાલ સાથે હું નીકિતાના વાળ પરની શેઠજીના હાથની પકડ છોડાવવા ગયો ત્યાં જ અચાનક આગળ બેઠેલા નોકરે મારા ડાબા લમણે રિવૉલ્વરની અણી મૂકી દેતાં ધમકી આપી

પૂરપાટ ઝડપે આ તરફ દોડી આવી રહેલી કારની ઝડપ ઓછી થતી દેખાઈ.

નીકિતાએ મારો હાથ દબાવ્યો, એના પરથી એટલે હું એના દિલની સ્થિતિ સમજી શક્યો. એનો જીવ ઊંચો થયેલો હતો.

અમારાથી થોડેક દૂર સુધી આવતાં સુધીમાં તો કાર એકદમ ધીમી થઈ અને પછી થોડીક પળોમાં જ એ કાર અમારી બિલકુલ નજીક આવીને ઊભી રહી.

મેં કારની બારી પાસે બેઠેલા આદમી પાસે વાંકા વળતાં કહ્યું, ‘પ્લીઝ....!!! અમને પૂના સુધી લિફટ આપશો...?!?’

ચંદ્રના ઝાંખા અજવાળામાં હું એ આદમીને બરાબર જોઈ શક્યો. ત્રીસેક વરસની ઉંમરના એ આદમીએ મારા ચહેરા પરથી નજર ઉઠાવીને મારી બાજુમાં ઊભેલી નીકિતા સામે જોયું. પછી એણે કહ્યું, ‘તમે આગળ આવી જાવ...., અને બહેનને પાછળ બેસાડી દો....!!’

આટલી આસાનીથી લિફટ મળતી જોઈને મારું હૃદય ખુશીથી ઊછળી પડયું.

પેલા આદમીએ ખટ્‌ના અવાજ સાથે દરવાજાનું લૉક ખોલ્યું. પણ એ દરવાજો ખોલે એ પહેલાં જ પાછળની સીટ પરથી સ્ત્રીનો અવાજ આવ્યો, ‘તમારુંય તે ફટકી ગયું છે કે શું? આમ આટલી મોડી રાતના જોયા-જાણ્યા વિના અજાણ્યા લોકોને કારમાં બેસાડવા તૈયાર થયા છો તે...!!!’

‘આ ભાઈ સાથે બહેન પણ છે, એટલે....!’ મને લીફટ આપવા તૈયાર થયેલા આદમીની જીભ થોથવાઈ.

‘...એટલે કશુ પણ પૂછ્યા-વિચાર્યા વિના એમને કારમાં બેસાડી લેવાના કેમ...?!?’ પાછળની સીટ પરથી સ્ત્રીનો ગુસ્સાભર્યો અવાજ સંભળાયો, ‘ડ્રાઈવર! કાર જવા દે....!!! તારા આ શેઠ પોતે તો મુશ્કેલીમાં મુકાશે જ, પણ ક્યારેક આપણને પણ મુશ્કેલીમાં મૂકી દેશે...!’

અને હજુ તો સ્ત્રીની એ વાત પૂરી થાય એ પહેલા જ, જાણે એ સ્ત્રીની વાતને ડ્રાઈવરનો પણ પૂરો ટેકો હોય એમ ડ્રાઈવરે એક આંચકા સાથે કાર દોડાવી મૂકી.

પૂના તરફ દોડી ગયેલી એ કારની પાછળની લાઈટ તરફ નિરાશાભરી નજરે પળવાર જોઈ રહ્યા પછી મેં મારી ડાબી બાજુ ઊભેલી નીકિતા સામે જોયું.

નીકિતા પણ નિરાશાભર્યા ચહેરે મારી સામે જોઈ રહી હતી.

હું કંઈ વાત કરું ત્યાં જ મારા કાને કોઈક વાહનના હોર્નનો અવાજ પડ્યો.

મેં જમણી તરફ જોયું, તો થોડેક દૂર..., ભલ્લા, બસ કન્ડક્ટર અને ડ્રાઈવરનો પીછો છોડાવીને અમે જે કાચા રસ્તા પરથી આવ્યાં હતાં એ તરફથી કોઈ વાહન આવી રહેલું દેખાતું હતું.

મારા દિમાગમાં સવાલ જાગી ઊઠયો, ક્યાંક એ વાહનમાં ભલ્લા, બસ ડ્રાઈવર અને કન્ડક્ટર તો નહીં આવી રહ્યા હોય ને?!

ભલ્લા, બસ ડ્રાઈવર અને બસ કન્ડ્‌ક્ટરથી પીછો છોડાવીને હું અને નીકિતા જે કાચા રસ્તા પરથી આવ્યાં હતાં, એ રસ્તા પરથી અત્યારે કોઈ વાહન આવતું જોઈને મારા દિલમાં ફફડાટ જાગ્યો, ‘ક્યાંક એ વાહનમાં ભલ્લા, બસ ડ્રાઈવર અને કન્ડ્‌ક્ટર તો નહીં આવી રહ્યા હોય ને?’ મારા દિમાગમાં આ સવાલ જાગ્યો.

ત્યારે નીકિતાની મારા હાથ પરની પકડ મજબૂત થઈ. એના પરથી મને લાગ્યું કે મને જેવો વિચાર આવ્યો હતો એવા વિચારથી જ કદાચ નીકિતા મનોમન કાંપી ઊઠી હશે....!!!

એ વાહન કાચા રસ્તા પરથી આ સડક પર ચઢયું એટલે હું નીકિતાનો હાથ પકડીને સડકની બાજુના ઢાળ પર ઉતરી ગયો.

અને સહેજ ગરદન અધ્ધર કરીને એ વાહન તરફ જોઈ રહ્યો.

એ વાહન આ તરફ આવવાને બદલે નાશિક તરફ વળ્યું અને એ તરફ આગળ વધી ગયું.

મારાથી નિરાંતનો શ્વાસ લેવાઈ ગયો.

‘હાશ....! સારું થયું વાહન નાશિક તરફ ચાલ્યું ગયું.’

નીકિતાએ પણ જાણે નિરાંતનો શ્વાસ લીધો. ‘મને તો એમ હતું કે ભલ્લા, ડ્રાઈવર અને કન્ડ્‌ક્ટર આવી ચઢયા ને આપણે પાછા ફસાયા....!’

એની આ વાતનો જવાબ આપવાનું મને જરૂરી લાગ્યું નહીં.

હું નાશિક તરફ જઈ રહેલા વાહનની, અહીંથી ખૂબ જ નાની-નાની દેખાતી પાછળની લાઈટને જોઈ રહ્યો, ત્યાં જ એની બાજુમાંથી પસાર થઈને આ તરફ આગળ વધતા વાહનની હેડલાઈટ દેખાઈ.

‘ચલ, નીકિતા....! નાશિક તરફથી બીજું વાહન આવી રહ્યું છે....!’ કહેતાં હું નીકિતાને લઈને, ઢાળ ચઢીને સડકની કિનાર પર આવ્યો.

મેં ધ્યાનથી વાહન તરફ જોયું તો એ કાર હતી.

મેં કારને ઊભી રાખવા માટે હાથ હલાવવા માંડ્યો.

પૂર ઝડપે આ તરફ આવી રહેલી એ કાર ધીમી થઈ અને બ્રેકની ધીમી ચિચિયારી સાથે અમારી નજીક આવીને ઊભી રહી.

હું કારની આગળની બારી પાસે નમ્યો, ત્યાં જ કારની અંદરની નાનકડી લાઈટ સળગી. કારની અંદર ઝાંખું-ઝાંખું અજવાળું રેલાયું.

મેં એ અજવાળામાં, કારની અંદરની તરફ નજર નાખી.

કારની પાછલી સીટ પર એક પહોળો બાંધાનો પચાસ-પંચાવન વરસની ઉંમરનો આદમી બેઠો હતો. એનો ચહેરો સહેજ લાંબો હતો. એના મોટા કાન સહેજ વધુ બહાર નીકળી આવ્યા હતા. એની ભ્રમરો ભરાવદાર અને આંખો ગોળ ને મોટી હતી. એનું નાક ચહેરાના પ્રમાણમાં સહેજ મોટું હતું. તો હોઠ પણ ભદ્દા લાગે એટલા મોટા હતા. હોઠ અને નાકની વચ્ચેના ભાગમાં સામાન્ય કરતાં સહેજ જાડી-મોટી મૂછ ગોઠવાયેલી હતી. એણે પોતાના અડધા સફેદ થયેલા લાંબા વાળમાં વચમાં પાંથી પાડી હતી. એણે સફેદ રંગનો જોધપુરી કોટ પહેર્યો હતો.

મેં મનોમન અનુમાન બાંધ્યું.

પાછળ બેઠો છે એ માણસ આ કારનો માલિક હશે અને આગળ બેઠેલા બે આદમીઓનાં કપડાં જોતાં એક એનો નોકર અને બીજો એનો ડ્રાઈવર હોવો જોઈએ.

‘બોલો, શું તકલીફ છે....?’ મારા કાનમાં આગળ બેઠેલા નોકર જેવા આદમીનો સવાલ સંભળાયો,

એટલે મેં પાછળથી નજર ખેંચીને કારની આગળ મારી નજીકની બારી પાસે બેઠેલા એ આદમી સામે જોયું.

એ પોતાની ઝીણી આંખે મારી સામે સવાલભરી નજરે જોઈ રહ્યો હતો.

‘ભાઈ, આ પાછળની સીટ પર તમારા શેઠ બેઠા હોય એમ લાગે છે....!’ મેં એને વિનંતીભર્યા અવાજે પૂછ્યું. ‘શું હું એમની સાથે વાત કરી શકું...?!?’

‘કોઈ મતલબ નથી....!’ એ આદમીએ કહ્યું, ‘મારા શેઠ બહેરા અને મૂંગા છે.’

‘ઓહ....!’ મારા મોઢેથી અનાયાસ જ આ ઉદ્‌ગાર સરી પડયો.

‘તમે મને કહો....!’ નોકરે પૂછ્યું, ‘તમારે કામ શું છે...?!’ ને એણે મારી બાજુમાં ઊભેલી નીકિતા પર નજર નાખી.

‘તમે લોકો પૂના તરફ જઈ રહ્યા છો ને?!’ મેં એને સામો સવાલ કર્યો.

‘હા....!’ કહેતાં નોકર નીકિતાને પગથી માથા સુધી જોવા માંડયો.

‘જો તમે અમને બન્નેને પૂના સુધી કારમાં લિફ્ટ આપશો તો અમે તમારા ખૂબ જ આભારી થઈશું.’ મેં કહ્યું,

એટલે નોકરે નીકિતા પરથી નજર ખસેડીને મારા ચહેરા સામે જોયું. પછી એણે સહેજ કડક અવાજે પૂછ્યું, ‘આ છોકરીને તું કયા ગામેથી ભગાવીને લઈ જઈ રહ્યો છે....?’

હું એકદમ હસી પડયો, ‘મને ખાતરી હતી જ કે તમને મારા અને આના કપડાં જોઈને જરૂર કોઈ ગેરસમજ થશે જ, પણ...!’ મેં સહેજ અટકીને કહ્યું, ‘તમે જ ધ્યાનથી જુઓ....! શું આ ચહેરાથી ગામડાની હોય એમ લાગે છે....?!? અને આના સેન્ડલ જુઓ?!? શું આવા સેન્ડલ ગામડાની સ્ત્રીઓ પહેરે છે?’

નોકરે સહેજ ગરદન બહાર કાઢીને નીકિતાના પગમાં પહેરાયેલાં સેન્ડલ તરફ જોયું.

એટલે મેં નીકિતાને કહ્યું, ‘નીકિતા! તું જ આ ભાઈને એ વાતનો વિશ્વાસ અપાવ કે તું ગામડાની નથી, ઘરેથી ભાગી નથી....!’

‘હું આમને કઈ રીતે વિશ્વાસ અપાવું?’ નીકિતાએ અંગ્રેજીમાં કહ્યું,

એટલે નોકર બોલી ઉઠ્યો, ‘મને તમારી વાત પર વિશ્વાસ બેસી ગયો, પણ...., ‘મને એ સમજાયું નહીં કે તમે બન્ને આમ આટલી રાતના અહીં જંગલમાં શું કરી રહ્યા છો...?’

‘અમારી મૂર્ખતા પર રડી રહ્યા છીએ....!’ મેં અવાજમાં અફસોસ લાવતાં કહ્યું.

‘હું કંઈ સમજયો નહીં....!’ એણે નજરને ઝીણી કરતાં પૂછ્યું.

‘અમે બન્ને જણાં અમારા ફિલ્મ-યુનિટથી છૂટાં પડી ગયાં છીએ....!’

‘એટલે...!’ એની આંખોમાં ચમક આવી, ‘તમે ફિલ્મ કલાકાર છો...?!’

‘હા....!’ એની અધીરાઈ જોઈને મેં જુઠ્ઠાણું આગળ ચલાવ્યું, ‘આ ફિલ્મની મુખ્ય હીરોઈન નીકિતા છે અને હું મુખ્ય હીરો અવિનાશ....!’

‘ફિલ્મની મુખ્ય હીરોઈન નીકિતા....?!?’ એની આંખોમાં શંકા સળવળી, ‘નીકિતા નામની હીરોઈન વિષે તો મેં કંઈ જ સાંભળ્યું નથી!’

‘નીકિતા નવી હીરોઈન છે.’ મેં એના ગળે ઊતરી જાય એવો જવાબ આપ્યો, ‘નીકિતાની આ પહેલી જ ફિલ્મ છે....! અને મારી પણ....!’

‘કઈ ફિલ્મમાં તમે કામ કરી રહ્યાં છો?!?’ એણે મારી ઊલટતપાસ લેતો હોય એમ મને પૂછ્યું.

‘મહોબ્બત ઔર મોત!’

‘ફિલ્મનું નામ તો સારું છે....!’ કહીને એણે પૂછ્યું, ‘પણ તમે તમારા યુનિટથી છૂટાં કઈ રીતના પડી ગયાં...?!?’

‘ફિલ્મના ડાયરેક્ટરને પગમાં સહેજ વાગ્યું. પગમાં થોડીક માલીશ કરાવ્યા પછી ડાયરેક્ટરે જાહેર કર્યું કે બે-ત્રણ કલાક આરામ કર્યા પછી ફરી શૂટિંગ શરૂ કરીશું, એટલે અમે બન્ને જીપમાં ફરવા માટે નીકળ્યાં,’ મેં વાર્તા ઉપજાવી કાઢી. ‘વાતો-વાતોમાં અમે ઘણાં દૂર નીકળી ગયાં. પછી ખ્યાલ આવ્યો કે ‘‘ઘણું મોડું થઈ ગયું છે, ડાયરેક્ટર ગુસ્સે ભરાશે,’’ એટલે અમે પાછાં ફર્યા, ટૂંકા રસ્તે જલદી પહોંચાશે અમે વિચારીને મેં જીપ એક ખેતરમાં લીધી, પણ કમનસીબે જીપ ખેતરના કાદવમાં ફસાઈ. ઘણી મહેનત કરી છતાંય જીપ નીકળી નહીં, એટલે અમે પગપાળા જ લોકેશન પર પહોંચ્યાં, પણ ત્યાર સુધીમાં યુનિટના લોકો ત્યાંથી ચાલ્યા ગયાં હતાં....!’

‘તમને છોડીને....?!!!’

‘અમે નવા-નવા હીરો-હીરોઈન છીએ....!’ મેં કહ્યું, ‘અમે સમયસર પાછાં ફર્યા નહીં એટલે કદાચ ડાયરેક્ટર ગુસ્સે ભરાઈને શૂટિંગ સંકેલી લીધું હોય....! કદાચ કોઈક બીજું કોઈ કારણ પણ ઊભું થયું હોય....! પણ એ કારણની ત્યારે જ ખબર પડે જ્યારે અમે પહેલાં પૂના અને પછી ત્યાંથી મુંબઈ પહોંચીએ....!’ હવે હું મૂળ વાત પર આવ્યો, ‘આવી પરિસ્થિતિમાં જો તમે અમને પૂના પહોંચાડી દેશો તો તમારી ખૂબ જ મોટી મહેરબાની થશે...!’

‘એક મિનિટ....! હું શેઠજીને પૂછી જોઉં....!’ કહીને નોકર પાછલી સીટ પર બેઠેલા આદમી તરફ ફર્યો અને એની સાથે હાથથી ચિત્ર-વિચિત્ર મુદ્રા બનાવીને, બહેરા-મૂંગાની ભાષામાં વાત કરવા માંડ્યો.

સામે શેઠજી પણ હાથની અલગ-અલગ મુદ્રાઓ બનાવીને, હાથની એ ભાષાથી નોકર સાથે વાત કરવા માંડયા.

એમના હાથના એ ઈશારાઓને તો હું સમજી શકતો નહોતો, પણ શેઠજીના ચહેરા પરના પલટાતા ભાવ પરથી હું એમની વાતચીતનો અંદાજો કાઢવાની કોશિશ કરવા માંડયો.

શેઠજીના ચહેરા પરનો અણગમો, કંટાળો અને ઈન્કારભર્યો ભાવ જોઈને મને ચિંતા થઈ. શેઠજી અમને કારમાં લિફટ આપવા માટે નન્નો ભણી દેશે તો?

નીકિતાએ મારો હાથ દબાવ્યો. કદાચ એ પણ મારા જેવી જ ચિંતા અનુભવી રહી હતી.

‘ભાઈ....!’ નોકરે પાછળ બેઠેલા શેઠજી સાથે ઈશારાભરી વાત પૂરી કરીને, મારી તરફ જોતાં કહ્યું, ‘આમ તો અમારા શેઠજી આવી રીતના અજાણ્યા આદમીઓને લિફ્ટ આપવાનું ટાળે જ છે, પણ તમારી સાથે આ બહેન છે એટલે એ લિફ્ટ આપવા તૈયાર થયા છે....!’ કહેતાં એ પાછળની તરફ ફર્યો, અને એણે કારના પાછળના દરવાજાનું લૉક ખોલ્યું.

મારું મન જાણે ખુશીથી ઝૂમી ઊઠયું.

મેં કારની પાછલી સીટનો દરવાજો ખોલ્યો.

શેઠજી ડ્રાઈવર સાઈડની બારી તરફ સરકી ગયા. એટલે નીકિતા એમની બાજુમાં ગોઠવાઈ. નીકિતાની બાજુમાં બેસતાં મેં દરવાજો બંધ કર્યો. એ સાથે જ ડ્રાઈવરે કાર આગળ વધારી.

મેં નિરાંતનો શ્વાસ લીધો.

‘હું ફિલ્મોનો રસિયો છું....!’ આગળની સીટ પર બેઠેલા નોકરે મારી તરફ જોતાં કહ્યું, ‘તમે જે ફિલ્મમાં કામ કરો છો એની વાર્તા શું છે?!?’

‘ગામડાની યુવતી અને શહેરના યુવાન વચ્ચે પ્રેમ થાય છે.’ કારમાં બેઠાં પછી હવે મને નોકર સાથે લમણાંઝીક કરવાનું બિલકુલ મન નહોતું, પણ એની સાથે વાત કર્યા વિનાય છૂટકો નહોતો. નાછૂટકે મેં વાર્તા આગળ ચલાવી, ‘....યુવાનને અચાનક એક દિવસે શહેરમાં જવું પડે છે....! ઘણા દિવસો થાય છે પણ યુવાન પાછો ફરતો નથી એટલે યુવતી શહેરમાં એની શોધમાં નીકળે છે, પણ એ બદમાશ આદમીઓના હાથમાં પડીને શહેરની બદનામ બસ્તીમાં પહોંચી જાય...!’ હજુ તો હું વાકય પૂરું કરું ત્યાં જ મને નીકિતાની ચીસ સંભળાઈ. મેં ચોંકી ઊઠતાં નીકિતા તરફ જોયું તો મને આંચકો લાગ્યો.

શેઠજી નીકિતાના વાળ પકડીને એને પોતાની તરફ ખેંચી રહ્યા હતા.

‘એય... આ શું કરી રહ્યા છો?’ સવાલ સાથે હું નીકિતાના વાળ પરની શેઠજીના હાથની પકડ છોડાવવા ગયો ત્યાં જ અચાનક આગળ બેઠેલા નોકરે મારા ડાબા લમણે રિવૉલ્વરની અણી મૂકી દેતાં ધમકી આપી, ‘જો સહેજ પણ હાલ્યો છે તો તારી ખોપરીના ફુરચા ઉડાવી દઈશ.....!’

સાંભળતાં જ હું સ્થિર થઈ ગયો.

‘મને...મને છોડી દો...!!’ કહેવાની સાથે જ નીકિતાએ શેઠના હાથમાંથી પોતાના વાળ છોડાવવાની કોશિશ કરી.

પણ હું જોઈ શક્યો, ખડતલ શરીરના શેઠના પંજામાંથી છૂટવું નીકિતા માટે સહેલું નહોતું.

હવે આ ત્રણ-ત્રણ શયતાનોના હાથમાંથી કંઈ રીતના હેમખેમ બચી નીકળવું એ વિષે હું કંઈ વિચારું ત્યાં જ મેં બીજો જોરદાર આંચકો અનુભવ્યો.

બહેરો અને મૂંગો શેઠ અચાનક નીકિતાના મોઢે પોતાનો મજબૂત હાથ દબાવતાં બોલી ઊઠ્યો, ‘છોટુ....! કાર જલદી ઝાડીઓમાં લઈ લે....! આ હીરોના બચ્ચાને બેહોશ બનાવી દે, એટલે આપણે આ હીરોઈનને લઈને ઝડપભેર અહીંથી રવાના થઈએ....!’

સાંભળતાં જ પળવાર માટે તો મારી બુદ્ધિ જાણે બહેર મારી ગઈ. આ તો ઉલમાંથી ચૂલમાં પડવા જેવું થયું હતું. ભલ્લા, બસ કન્ડ્‌ક્ટર અને ડ્રાઈવરના હાથમાંથી હું હેમખેમ નીકિતાને લઈને છટકયો હતો ત્યાં આ ત્રણ-ત્રણ શયતાનોના હાથમાં સપડાયો હતો. હું એમ સમજતો હતો કે મેં અને નીકિતાએ હીરો-હીરોઈન હોવાનું નાટક કરીને મૂંગા શેઠને અને એના આદમીઓને સમજાવી-મનાવીને એમની કારમાં લિફ્ટ લેવામાં સફળતા મેળવી હતી, પણ આ શેઠે જ મૂંગા હોવાનું નાટક કરીને અમને સપડાવ્યાં હતાં. એ શેઠ મને બેહોશ બનાવીને પછી નીકિતાને પોતાની સાથે લઈ જવા માગતો હતો, પણ મને એ પોસાય તેમ નહોતું. કારણ નીકિતા જ મને ફાંસીનાં ફંદાથી બચાવી શકે એમ હતી.

મને થયું કે આ ગુંડાઓ મને બેહોશ બનાવે એ પહેલાં મારે કંઈ કરવું જોઈએ!!! પણ અત્યારે હું કંઈ પણ કરી શકવાની સ્થિતિમાં જ ક્યાં હતો?!?

આગળની સીટ પર બેઠેલા નોકરે મારા લમણે રિવૉલ્વર મૂકી રાખી હતી એટલે હું સહેજપણ હાલવાનું જોખમ પણ લઈ શકું એમ નહોતો.

અત્યારે મારો ચહેરો શેઠ અને નીકિતા તરફ જ હતો.

નીકિતાની હાલત હું સમજી શકતો હતો.

નીકિતાની હાલત ભયાનક અજગરના ભરડામાં ભિડાયેલી હરણી જેવી કફોડી હતી.

નીકિતાની પાતળી કમર ફરતે શેઠે એનો મજબૂત હાથ વિંટાળી દીધો હતો. ને એના મોઢા પર શેઠે પોતાનો મજબૂત પંજો દબાવી રાખ્યો હતો. નીકિતાની બેબસ-લાચાર આંખો મારા ચહેરા પર જ મંડાયેલી હતી, અને જાણે મને કહી રહી હતી, આ ગુંડાઓના હાથમાંથી બચાવવા માટે કંઈક કર, અવિનાશ!

પણ શું કરું હું?!? મેં મારી જાતને જ આ સવાલ પૂછ્યો,

ત્યાં જ મારા કાને શેઠનો સહેજ ઘૂંઘવાયેલો અવાજ પડયો, ‘છોટુ....! હવે કાર ઝોડીઓમાં નાખશ કે આ રીતના જ કાર છેક પૂના પહોંચાડી દઈશ....!’

‘ના..., બૉસ!’ છોટુએ કહ્યું, ‘આ આગળ કાચો રસ્તો દેખાય છે એ તરફ કાર વળાવું છું....!’ ને આટલું કહેતાં જ છોટુએ કારની ઝડપ ઓછી કર્યા વિના જ અચાનક કારને પાકા રસ્તા પરથી ડાબી તરફના કાચા રસ્તા પર ઉતારી અને એટલે કારને એક જબરદસ્ત આંચકો લાગ્યો. અમે બધાં પણ અમારી જગ્યા પર ઊછળ્યા. આને લીધે નોકરે મારા લમણે મૂકેલી રિવૉલ્વર ખસકીને મારા ચહેરા સામે આવી.

(ક્રમશઃ)

**હવે આગળ શું?** ભલ્લા, બસ કન્ડક્ટર અને ડ્રાઈવરના સકંજામાંથી છટકીને છોટું અને તેના સાગરીતોના હાથમાં ફસાઈ ગયેલા અવિનાશ અને નીકિતા માટે આગળ કેવા કેવા પડકારો આવે છે? શું આમાંથી તેઓ હેમખેમ બહાર આવશે?

---

# ફન વર્લ્ડ

‘મુંબઇ સમાચાર’એ શરૂ કરેલા જ્ઞાન સાથે ગમ્મત આપતા ફનવર્લ્ડને વાચકોએ ઉમળકાભેર પ્રતિસાદ આપ્યો છે. તમારા ઉમંગ અને ઉત્સાહથી પ્રેરાઈને શરૂ કરેલા આ નવા ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે.

પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.

વાચકોએ તેમના જવાબ ઇ-મેઇલથી બુધવાર સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નીચે જણાવેલા મેઈલ પર મોકલવાના રહેશે.

funworld@bombaysamachar.com

## જોડી જમાવો

વાનગી અને રાજ્ય

| A | B |
|---|---|
| ૧. મેઘાલય | બાજરાની ખીચડી |
| ૨. તમિલનાડુ | પૌંઆ |
| ૩. ઝારખંડ | તુંગરીમબેઈ |
| ૪. મધ્ય પ્રદેશ | ચિલ્કા રોટી |
| ૫. હરિયાણા | ઇડલી-સંભાર |

## ઓળખાણ પડી?



પશ્ચિમ બંગાળના રાજકીય પક્ષના આ ચિહ્નની ઓળખાણ પડી? પહેલી જાન્યુઆરી, ૧૯૯૮માં આ પક્ષની સ્થાપના મમતા બેનર્જીએ કરી હતી. બંગાળ સિવાય આ પાર્ટી ત્રિપુરા, મણિપુર, ઝારખંડ અને આસામ જેવાં રાજ્યોમાં પણ પગપેસારો કરી રહી છે.

## હસી લઈએ

પતિ-પત્ની વચ્ચે ઝઘડો થઈ ગયો.

પતિએ ઓફિસથી ફોન કર્યોઃ આજે જમવામાં શું બનાવ્યું છે?

પત્નીઃ ઝેર.

પતિઃ મને આવતાં મોડું થશે, તું ખાઈને સૂઈ જજે.

## પકડદાવ

આપેલા શબ્દોમાંથી એક એક અક્ષર જોડીને ભારતમાં ઓમાઈક્રોનના કેસ પહેલાં કયા રાજ્યમાં નોંધાયા તે જણાવો.

કશિશ, અપર્ણા, ટપાલ, કર્મ

## આડાઅવળા સીધા કરો

ચણાના લોટમાંથી બનતી વાનગીઓ (૧) ળા ઢો ક (૨) ડ વી ખાં (૩) યાં ભ જિ (૪) ડ પૂ લા (૫) ફી બ ર

## ગીત ગાતા ચલ

‘રાહ મેં ઉન સે મુલાકાત હો ગઈ, જીસે ડરતે થે....’ આ ગીતની પંક્તિ પૂર્ણ કરો.

## ગયા શુક્રવારના જવાબ

★ ઓળખાણ પડી?: જેવર ઇન્ટરનેશનલ એરપોર્ટ

★ પકડદાવઃ પ્રબોધ ચંદ્ર

★ ગીત ગાતા ચલઃ ટશન

★ આડાઅવળા સીધા કરોઃ

૧. રાજસ્થાન
૨. ઉત્તર પ્રદેશ
૩. મધ્ય પ્રદેશ
૪. મહારાષ્ટ્ર
૫. આસામ

જોડી જમાવોઃ

| | |
|---|---|
| ૧. અજંતા ગુફા | ઔરંગાબાદ |
| ૨. હવા મહેલ | જયપુર |
| ૩. જગન્નાથ મંદિર | પુરી |
| ૪. નાલંદા યુનિવર્સિટી | રાજગીર |
| ૫. ગોલ્ડન ટેમ્પલ | અમૃતસર |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ



આડી ચાવી

૧. દરેક હિંદુના ઘરે જ હોય (૩)
૩. શનિની દશા, પડતી કે આપત્તિની દશા (૩)
૮. મંત્રણા, દેવ સાધનાનો ગૂઢ શબ્દ (૨)
૯. ગરબડ, ધમાલ, ધાંધલ (૨)
૧૦. સાક્ષાત, સપનું--- થવું (૩)
૧૧. વીંટીમાં જડવું જોઇએ (૨)
૧૪. પવન, સમીર, (૩)
૧૫. બંધી, મનાઇ (૩)
૧૯. પૂંછડી (૨)
૨૦. નિયમ (૨)
૨૧. રાવણ--- કુળનો હતો (૩)
૨૨. આ ગ્રહના વલયો આકર્ષક હોય (૨)
૨૫. મુસાફર, યાત્રા કરનાર (૨)
૨૭. બનાવટ (૩)
૨૮. એક રાજા, જે શાપથી અજગર બની ગયો (૩)
૩૦. હંમેશાં (૨)
૩૧. હું તો બસ --- આવ્યો છું (૩)
૩૨. માથાના વાળ કઢાવી નાખો (૨)

ઊભી ચાવી

૨. ઘા, ધારું (૨)
૪. અનોખું, અલગ (૨)
૫. અહીં (૨)
૬. સાસુ વહુની--- મળવી જોઇએ (૩)
૭. ચંદ્રકાન્ત બક્ષીની જાણીતી નવલકથા (૩)
૮. શુભ, સારું, બધાને નડતો ગ્રહ (૩)
૧૨. પાણીમાં કાંકરી નાખવાથી થાય (૩)
૧૩. આપણો --- તો બહુ જૂનો છે (૩)
૧૬. સ્થાન, દેવનું ઘર (૨)
૧૭. આનું પાલન તો કરવું જ પડે (૩)
૧૮. તારાઓનો સમૂહ (૩)
૧૯. વિશ્વ, જગત (૩)
૨૩. માથા વગરનો ગ્રહ (૨)
૨૪. ખાલી માથું ધરાવતો ગ્રહ (૨)
૨૬. અખા --, મોટો તહેવાર (૨)
૨૭. મકબુલ --- હુસેન--- મોટા ચિત્રકાર (૨)
૨૮. નવતર, તાજા (૨)
૨૯. છ, --- કોણ (૨)

### ગયા વખતનો ઉકેલ



## સુડોકુ-૪૩૬૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૪ | | ૮ | | | |
| ૮ | ૬ | ૪ | | | | ૯ | ૨ | ૩ |
| ૨ | | | | | | | | ૫ |
| ૧ | ૩ | | ૯ | | ૫ | | ૪ | ૨ |
| | | | | ૬ | | | | |
| ૪ | ૯ | | ૩ | | ૨ | | ૭ | ૬ |
| ૬ | | | | | | | | ૮ |
| ૯ | ૨ | ૧ | | | | ૫ | ૩ | ૭ |
| | | | ૨ | | ૧ | | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૪૩૬૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૫ | ૪ | ૯ | ૨ | ૮ | ૭ | ૩ | ૧ |
| ૧ | ૮ | ૭ | ૩ | ૪ | ૬ | ૫ | ૨ | ૯ |
| ૨ | ૩ | ૯ | ૫ | ૧ | ૭ | ૮ | ૪ | ૬ |
| ૫ | ૪ | ૩ | ૬ | ૮ | ૯ | ૧ | ૭ | ૨ |
| ૭ | ૧ | ૮ | ૪ | ૩ | ૨ | ૬ | ૯ | ૫ |
| ૯ | ૬ | ૨ | ૭ | ૫ | ૧ | ૩ | ૮ | ૪ |
| ૩ | ૯ | ૧ | ૨ | ૭ | ૫ | ૪ | ૬ | ૮ |
| ૮ | ૭ | ૬ | ૧ | ૯ | ૪ | ૨ | ૫ | ૩ |
| ૪ | ૨ | ૫ | ૮ | ૬ | ૩ | ૯ | ૧ | ૭ |

**ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.**

(૧) સુભાષ મોમાયા (૨) મૂળરાજ કપૂર (૩) પુષ્પા ખોના (૪) રસીક જુઠાણી - ટોરોંટો - કેનેડા (૫) કલ્પના આશર (૬) કિશોરકુમાર જીવણદાસ વેદ (૭) ખુશરુ કાપડીયા (૮) ભારતી બુચ (૯) પ્રકાશ કટકીયા (૧૦) ભારતી કટકીયા (૧૧) અશોક સંઘવી (૧૨) નીતા દેસાઈ (૧૩) વિભા મહેશ્વરી (૧૪) લજીતા ખોના (૧૫) શ્રદ્ધા આશર (૧૬) પુષ્પા પટેલ (૧૭) જ્યોતી ખાંડવાલા (૧૮) નિખીલ બંગાળી (૧૯) અમીષી બંગાળી (૨૦) હર્ષા મહેતા (૨૧) રજનીકાંત પટવા (૨૨) સુનીતા પટવા (૨૩) મહેન્દ્ર લોઢાવીયા (૨૪) રંજન લોઢાવીયા (૨૫) મીનળ કાપડીયા (૨૬) શિલ્પા શ્રોફ (૨૭) દિલીપ પરીખ (૨૮) પુષ્પા ખોના (૨૯) અરવિંદ કામદાર (૩૦) મહેશ દોશી (૩૧) નિતીન જે. બજરીયા (૩૨) સુરેખા દેસાઈ (૩૩) તાહેર ઔરંગાબાદવાલા (૩૪) શીરીન ઔરંગાબાદવાલા (૩૫) ઝુબેદા યુસુફ નીમચવાલા (૩૬) હિના દલાલ (૩૭) રમેશ દલાલ (૩૮) ઈનાક્ષી દલાલ (૩૯) જ્યોત્સના ગાંધી (૪૦) ભાવના કર્વે (૪૧) અંજુ ટોલીયા (૪૨) મનીષા શેઠ (૪૩) ફાલ્ગુની શેઠ